# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશમાં સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલી સરકારના વડા તરીકે સેવા આપનાર નેતા બન્યા.**

2) **આગામી ભારત વિદ્યુત સંમેલન વર્ષ 2028માં ગાંધીનગરમાં યોજાશે- કેન્દ્રીય ઉર્જા મંત્રીની જાહેરાત.**

3) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાને 700 કરોડ રૂપિયાથી વધુના 24 વિકાસકાર્યોની ભેટ આપી.**

4) **સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 18 મે સુધીમાં જેલની સ્થિતિ અંગેનો અહેવાલ મોકલવા નિર્દેશ આપ્યો.**

5) **આગામી બે દિવસમાં રાજ્યના તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MODI - HEAD OF GOVT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલી સરકારના વડા તરીકે સેવા આપીને ભારતીય રાજકારણમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ સાથે, શ્રી મોદીએ સિક્કિમના મુખ્યમંત્રી તરીકે 8 હજાર 930 દિવસ સુધી કાર્યભાર સંભાળનારા પવન કુમાર ચામલિંગને પાછળ છોડી દીધા છે. તેમણે હવે સરકારના વડા તરીકે 8 હજાર 931 દિવસ પૂર્ણ કર્યા છે, જેમાં ગુજરાતના મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકેનો તેમનો કાર્યકાળ જોડવામાં આવ્યો છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : સોનલ પરમાર)

# ELECTRICITY SUMMIT

ભારત વિદ્યુત સંમેલનની આગામી આવૃત્તિ વર્ષ 2028માં ગાંધીનગરમાં યોજાશે. નવી દિલ્હીમાં ભારત વિદ્યુત સંમેલન 2026ના સમાપન સત્રને સંબોધતા કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, આ સંમેલનમાં ઉર્જા ક્ષેત્રના ભવિષ્યને આકાર આપતા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી, જેમાં નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, રોકાણકારો અને નવીનતાઓ ઉર્જાના ભવિષ્ય પર ચર્ચા કરવા માટે એક સાથે આવશે.

## (બાઇટ : મનોહર લાલ, કેન્દ્રીય મંત્રી)

# CM AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમરેલી જિલ્લાને 700 કરોડ રૂપિયાથી વધુના 24 વિકાસકાર્યોની ભેટ આપી. આ પ્રસંગે તેમણે ગ્રામ્ય વિસ્તારમાં શહેર જેવી સુવિધાઓ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું, તાજેતરમાં યોજાયેલી સૌરાષ્ટ્ર રીજનલ વાઇબ્રન્ટ સમિટમાં માત્ર અમરેલી જિલ્લાના વિકાસ માટે 36 હજાર કરોડ રૂપિયાના MoU થયા છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે 270 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નાના માચીયાળા-રાધેશ્યામ ચોકડીના નવા ચાર માર્ગીય બાયપાસ રોડનું ખાતમુહૂર્ત કર્યું. આ સૂચિત બાયપાસ થકી બગસરા, બાબરા, લાઠી, સાવરકુંડલા અને અમરેલી શહેરની આસપાસના વિસ્તારોમાં પરિવહન સુવિધા ઝડપી બનશે. આ ઉપરાંત તેમણે મહેસાણા જિલ્લામાં પણ વિવિધ વિકાસ કાર્યોના ખાત મુહૂર્ત અને લોકાર્પણ કર્યા.

# SANGHVI SURAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે સુરતના માંડવી ખાતેથી 66 કરોડ રૂપિયાથી વધુના પોલીસ પ્રકલ્પોની ભેટ આપી. આ પ્રસંગે તેમણે સુરત ગ્રામ્ય, વલસાડ, તાપી અને રેલવે પોલીસ માટેના વિકાસકાર્યોનું ઇ-લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું. દરમિયાન સુરત ગ્રામ્યના અનાવલ, તડકેશ્વર અને પાલોદ ખાતે નવા પોલીસ સ્ટેશનો કાર્યરત કરાયા હતા.

# CHOTAUDEPUR-JAIL

છોટાઉદેપુરના એકલબારા ખાતે ૮૬.૬૪ લાખ કરોડના ખર્ચે નવી જિલ્લા જેલ અને આવાસોનું રાજ્યમંત્રી કમલેશ પટેલે ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે મંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે,  એકલબારા ગામે પોલીસ હાઉસિંગ વિભાગ દ્વારા અધ્યતન જેલનું નિર્માણ થનાર છે.  એકલબારા ખાતે ૨૨ એકર જમીનમાં ૮૬.૬૪ કરોડના ખર્ચે જેલ વિભાગના કર્મચારીઓ માટે આધુનિક રહેણાંક આવાસો તેમજ વહીવટી કામગીરી માટેના બિન-રહેણાંક મકાનોનું નિર્માણ કરવામાં આવશે. જેલ કેમ્પસમાં કુલ ૫૫૫ કેદીઓની ક્ષમતા વાળી બેરેકો બનશે નવા બાંધકામથી છોટાઉદેપુર જિલ્લામાં જેલ પ્રશાસનની કામગીરી વધુ સુદ્રઢ બનશે અને કર્મચારીઓને આધુનિક ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ થશે, જે સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# SC-PRISON CONDITIONS

સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 18 મે સુધીમાં જેલની સ્થિતિ અંગે અપડેટેડ ડેટા સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં મંજૂર ક્ષમતા અને ભીડભાડને દૂર કરવા માટે લેવામાં આવેલા પગલાંનો સમાવેશ થાય છે. ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બેન્ચે તાજેતરના આદેશમાં મહિલા જેલોની સંખ્યા અને ઉપલબ્ધ સુવિધાઓ, જેમાં મહિલા કેદીઓ સાથે રહેતા બાળકોના શિક્ષણ અને કલ્યાણ માટેના પગલાંનો સમાવેશ થાય છે, તેની વિગતો પણ માંગી હતી. જેલની સ્થિતિ અંગેના સુઓ મોટો કેસમાં એમિકસ ક્યુરી તરીકે કાર્યરત વરિષ્ઠ વકીલ ગૌરવ અગ્રવાલ દ્વારા રજૂ કરાયેલા નિવેદનો બાદ આ નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેમણે નોંધ્યું હતું કે હાલનો ડેટા 2023નો છે. કોર્ટે કહ્યું કે અપડેટેડ માહિતીમાં આ મહિનાની 1લી તારીખની સ્થિતિ, વિગતવાર જેલવાર કબજાના આંકડા દર્શાવવા જોઈએ. આ મામલાની સુનાવણી 26 મેના રોજ થવાની છે.

# VALSAD-DHAVAL PATEL

વલસાડ જિલ્લના ઉમરગામના કામદારો ખાડી દેશોમાં ફસાયા હોવાથી પરિવારજનોએ સાંસદ ધવલ પટેલને રજૂઆત કરી હતી. વિદેશમાં અટવાયેલા તેમના સગાસંબંધીઓને સુરક્ષિત રીતે સ્વદેશ પરત લાવવા માટે જરૂરી સહાયતા પૂરી પાડવામાં આવે. સાંસદ ધવલ પટેલે પરિવારજનોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે ખાડી દેશોમાં ફસાયેલા કામદારોને પરત લાવવા માટે કેન્દ્ર સરકાર અને સંબંધિત એમ્બેસીઓ સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે અગાઉ પણ આવા પ્રયાસો દ્વારા કેટલાક લોકોને સફળતાપૂર્વક સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે. બાકી રહેલા કામદારોને પણ વહેલી તકે પરત લાવવા માટે પ્રયત્નો ચાલુ છે.

**(Byte : ધવલ પટેલ સાંસદ,વલસાડ)**

સાંસદે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સમગ્ર દક્ષિણ ગુજરાતના ફસાયેલા તમામ કામદારોને સુરક્ષિત રીતે સ્વગૃહ પરત લાવવામાં આવશે અને ટૂંક સમયમાં સકારાત્મક પરિણામ મળશે.

# WORLD WATER DAY

આજે વિશ્વ જળ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે આજે વાત કરીશું દક્ષિણ ગુજરાતની જીવાદોરી ગણાતી તાપી નદી પરના ઉકાઇ ડેમની જે  રાજ્યની મહત્વપૂર્ણ બહુહેતુક જળ યોજના તરીકે ઓળખાય છે. આ ડેમના પાણીથી તાપી જિલ્લા ઉપરાંત સુરત, નવસારી, વલસાડ અને ભરૂચ જિલ્લાના આશરે 3.79 લાખ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ આવે છે. ઉકાઈ ડેમ પરથી આશરે 305 મેગાવોટ જળવિદ્યુત ઉત્પાદન કરવામાં માટે હાઇડ્રો પાવર સ્ટેશનના ચાર જેટલા યુનિટો ઉપલબ્ધ છે. આ અંગે ડેમના કાર્યપાલક ઇજનેર એ. સી. જાગીરદારે વધુ માહિતી આપી.

(બાઈટ: એ. સી. જાગીરદાર, કાર્યપાલક ઇજનેર)

# WEATHER

આગામી બે દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગરમીમાં ધીમે ધીમે વધારો થઈ શકે છે. જોકે રાજ્યમાં હવે કમોસમી વરસાદનું શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

(બાઇટ : પ્રદીપ શર્મા, વૈજ્ઞાનિક)

# KHEDA-MILET

નડિયાદ ઇપ્કોવાલા હોલ ખાતે ખાતે બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬'નો ગઇકાલે પ્રારંભ થયો છે . રાજ્ય સરકાર દ્વારા પોષણ સુરક્ષા અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે પોષક ધાન્યોના ઉપયોગ પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે આથી જ રાજયના ૧૭ સ્થળોએ સ્વાસ્થ્ય સમૃદ્ધિ અને સંસ્કૃતિનો ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.

તે સાથે જ ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત મહુધામાં ડાકોર મહુધા રોડ પર નગીના વાડીની સામે, સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રી સંજયસિંહ મહિડાએ સ્વદેશી મેળાનું ઉદ્દઘાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી મહિડાએ જણાવ્યું હતું સ્વદેશી મેળોએ કલ્યાણકારી યોજનાઓનું જીવંત ઉદાહરણ છે.

# BAR COUNSIL RESULT

ગુજરાત વકીલ મંડળ પરિષદની ચૂંટણીના પરિણામ જાહેર કરાયા છે. 10 માર્ચના રોજ શરૂ થયેલી મતગણતરી અંદાજે 12 દિવસ ચાલી હતી. આ મત ગણતરીમાં ગણિતજ્ઞોની ટીમ દ્વારા પ્રેફરન્સીયલ મતને આધારે વિજેતાઓ જાહેર કરાયા હતા. કુલ 99 ઉમેદવારોમાંથી 23 ઉમેદવારો ગુજરાત વકીલ મંડળ પરિષદના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. હવે આ સભ્યો ભેગા થઈને આગામી સમયમાં પોતાનામાંથી પ્રમુખ નક્કી કરશે.

વિજેતા ઉમેદવારોમાં આફતાબ હુસેન અન્સારી, જે.જે પટેલ, દિલીપ પટેલ, અનિલ કેલ્લા, ભરત ભગત, અને મહિલાઓમાં અમૃતા ભારદ્વાજ, પ્રીતિ જોશી અને હિરલ પાનવાલાનો સમાવેશ થાય છે.